# ગુજરાતમાં આર્થિક વિકાસ

ડૉ. એમ. એમ. જગાણી

આસીસ્ટન્ટપ્રોફેસર જી.ઈ.એસ. વર્ગ-૨

રાજ્યશાસ્ત્ર વિભાગ,એમ.એન કોલેજ

વિસનગર, જી. મહેસાણા.

## : પ્રસ્તાવના :

રેની દેસ્કાર્તે (૧૫૯૬-૧૬૫૦) યુરોપના નવજાગૃતિકાળના ઉચ્ચતર તબક્કાના ચિંતક હતા. એમનું વિધાન છે: " In order to improve the mind, we ought less to learn, than to contemplate " (મનના વિકાસ માટે નવું શીખવા કરતા જે શીખી ચુક્યા હોઈએ તેનું મનન કરવું વિશેષ જરૂરી છે.)

જે વાત મનના વિકાસ માટે સાચી છે. એજ કોઈ પણ જન સમૂહ કે રાજકીય એકમ કે રાષ્ટ્ર માટે પણ સાચી છે. એટલેજ કોઈ પણ સંગઠીત સમુહે પોતાની એક આંખ આગળ અને એક આંખ પાછળ રાખવી જોઈએ. ભવિષ્ય વર્તન માટેના અફર-અચૂક પાઠ ભૂતકાળના સમ્યક દર્શન દ્વારા શીખી શકાય છે. સત્તરમી સદી સુધી વિશ્વમાં સૌથી સમૃદ્ધ એવી ભારતીય પ્રજા સતત નિર્ધનતા અને નિસ્તેજતામાં સરકતી રહી કારણકે એને ઇતિહાસની ખેવના અને સમજ ગુમાવી દીધા હતાં.

ગુજરાત એના વણીકો માટે વિખ્યાત છે. અને આ વણીકો હિસાબ માટેની એમની ચીવટ માટે વિખ્યાત છે. જમા-ઉધારનો તાળો મેળવવામાં એકાદ પાઈનો ફેર આવતો હોય તોય એનુ મૂળ શોધવા મોડીમોડી રાત સુધી જાગવાના ગુજરાતીઓના દાખલા પ્રસિધ્ધ છે. આવું ગુજરાત વખતો વખત પોતાના અતીત પર નજર નાખે અને ગતી-અવગતીના લેખાજોખા લે, તાળા મેળવે એ ખુબ જરૂરી છે.[૧]

આમતો આકાશને, પવનને પાણીને, પંખીને કશી સરહદો નથી. ભૂમિની સરહદો પણ માનવીના કેટલાક સંજોગો, આગ્રહો અને દુરાગ્રહો વડે દોરાય છે. અન્યથા ભૂમિ કોઈ રેખાઓ

દોરતી નથી. આજે જેને 'ગુજરાત' અથવા 'ગુજરાત રાજ્ય' કહીએ છીએ તેની રાજકીય સરહદો ઈતિહાસ પર્યંત હજારો વાર બદલાઈ છે. ભારત જ્યારે આઝાદ થયું ત્યારે પણ ગુજરાત તરીકે ઓળખાતા આ પ્રદેશમાં અઢીસો જેટલા 'રાજ્યો' હતાં. અને એમને સરહદો હતી. તે પણ સતત બદલાતી રહેતી હતી. આઝાદી અગાઉના સમયમાં દેશભરમાં ૫૫૦ જેટલા રજવાડા હતાં બ્રિટીશરોએ જેમજેમ પ્રદેશો પોતાને હાથ ચડાવતા ગયા તેમ તેમ "પ્રેસીડેન્સીઓ" બનાવી હતી. બોમ્બે પ્રેસીડેન્સીમાં આજના ગુજરાત-મહારાષ્ટ્ર ઉપરાંત કર્ણાટકના કેટલાક પ્રદેશો એડન અને બહેરિન પણ હતાં. આ એકજ પ્રેસીડેન્સીમાં ચાર થી પાંચ ભાષાઓ બોલનારા પ્રદેશો આવી જતા હતાં. મને એવી જાણ છે કે ગુજરાતી બોલનારાઓનું "મહાગુજરાત" રાજ્ય બનવું જોઈએ એવો ઠરાવ ૧૯૩૮ના એક વિશાળ સંમેલનમાં ઘડાયો હતો એ સમયની કોંગ્રેસ પણ ભાષાવાર રાજ્ય રચનાની પક્ષકાર હતી. ઈ.સ. ૧૯૫૬માં ભાષાવાર પ્રાંત રચનાનો સરકારે સ્વીકાર કર્યો આ સમયે મુંબઈ સહિત મહારાષ્ટ્ર અને ગુજરાતના તળ પ્રદેશનું મુંબઈ રાજ્ય હતું, અલગ સૌરાષ્ટ્ર હતું, કચ્છ કેન્દ્ર શાસિત પ્રદેશનો દરજ્જો ધરાવતા હતો. ગુજરાતમાં ૧૯૫૬ની આઠમી ઓગસ્ટે વિદ્યાર્થીઓએ અલગ "મહાગુજરાત"ની માંગણી રજૂ કરી એ પછી લગભગ ચાર વર્ષ સુધી સતત આંદોલન ચાલ્યું ગુજરાતના જાહેર જીવનને સમર્પિત થયેલા 'ઇન્દુલાલ યાજ્ઞિક' ની આગેવાની હેઠળનો એ સંઘર્ષ અદભૂત હતો. આ આંદોલનમાં પહેલી જ વાર રાષ્ટ્ર ભાવના અને લોક ભાવનાના પ્રતિકરૂપે ખાદી-ટોપીઓ બાળવામાં આવી. મહાગુજરાતના આ આંદોલનને પહેલીજ વાર ખુદ હરીફોને જન્મવાની તક આપી. ભાષાવાર પ્રાંતરચના કે રાજ્ય રચનાનો સિદ્ધાંત મૂળભુત રીતે સાચો હતો. વહિવટી એકમો બહુ મોટા ન હોવા જોઈએ. કચ્છ-ભૂજના નાગરિકોને રાજ્ય સરકાર સમક્ષ કશી રજૂઆત કરવી હોય તે માટે ૭૫૦ કિ.મી. દૂર મુંબઈ જવું પડે એનાથી બીજી ખરાબ સ્થિતિ કઈ હોઈ શકે ? એક ભાષી રાજ્યમાં એક બીજાને સમજવાનું સુગમ પડે, નિર્ણયો ઝડપથી લેવાય, ન્યાયતંત્ર નજીક ગોઠવાય, જનતા વચ્ચે સાંસ્કૃતિક એકતા હોય. વગેરે વગેરે ઘણાં લાભ આ વ્યવસ્થામાં રહેલા છે.

આખરે ૧ મેં ૧૯૬૦ ને દિવસે ગુજરાત અને મહારાષ્ટ્ર બે રાજ્ય પેલી દ્વિભાષી વિકૃતિમાંથી છુટા પડ્યા. આ ઘટનાને ૧ મેં ૨૦૧૦ ના દિવસે અર્ધશતાબ્દીમાં ગુજરાતે કઈ-કેટલી પ્રગતી કરી, ક્યા પરિવર્તન જોયા, કેવા વિક્રમો નોધાયા વગેરે લેખા જોખા કરવાજ રહ્યા.[૨]

વીતેલા ૫૦ વર્ષોમાં ગુજરાતના જનજીવનમાં જે પ્રવાહો વહ્યા તેનું સરવૈયું કાઢવાનો ઉપક્રમ છે. છેલ્લા પાંચ દસકામાં ગુજરાતમાં જે ઇષ્ટ અને અનિષ્ટ પરિવર્તનો આવ્યા છે તેમાં રાજ્યનો હિસ્સો અલ્પ (માર્જિનલ) છે. અને સિંચાઈની સગવડો દેશના અન્ય રાજ્યોની તુલનામાં ઓછી છે. આ કુદરતી બાધા વચ્ચે પણ ગુજરાતના ખેડૂતો ખેતીના ક્ષેત્રે પ્રસંશનીય વિકાસ

સાધી શક્યા છે. દા.તા. ૧૯૫૨-૫૩ થી ૧૯૬૪-૬૫ વચ્ચે ગુજરાતમાં ખેતીના ઉત્પાદનમાં વાર્ષિક ૪.૬ ટકાના દરે વધારો થયો હતો. ૧૯૬૧-૬૨ થી ૧૯૭૨-૭૩ વચ્ચેના સમય ગાળામાં અનાજના ઉત્પાદનમાં ૫.૨ ટકાના દરે વધારો થયો હતો. એ વૃદ્ધિ દરે ગુજરાતને દેશમાં ચોથું સ્થાન અપાવ્યું હતું. સાઈઠના દશકામાં દેશમાં પ્રવેશેલી હરિયાળી ક્રાંતિ ગુજરાતમાં પણ પ્રવેશી હતી. ૧૯૮૦ પછીના દશકા દરમિયાન ગુજરાતમાં ખેતી ના ક્ષેત્રે સ્થગિતતા પ્રવેશી હતી. ૧૯૮૦ થી ૧૯૯૫ના સમયગાળામાં ગુજરાતમાં ખેતી ક્ષેત્રે ઉત્પાદન વૃદ્ધિનો દર ઘટીને ૧.૭૬ ટકા થયો જ્યારે સમગ્ર દેશ માટે એ વધીને ૩.૪૦ ટકા થયો. વીસમી સદીના છેલ્લા દસકામા તો ગુજરાતમા ઉત્પાદન વૃદ્ધિનો દર એક ટકાના પાંચમાં ભાગ જેટલો થઈ ગયો હતો. ખેતી ના વિકાસ છતાં ખેડૂતો એક વર્ગ તરીકે સતત આર્થિક ભીંસમાં રહે છે. દેશના અન્ય રાજ્યોમાં ખેતીની જે સ્થિતિ એ ખેડૂતોને મોટી સંખ્યામાં આપઘાત કરવા પ્રેર્યા છે. તે સ્થિતિ ગુજરાતમાં પણ છે. ખેડૂતોની આર્થિક ભીંસ માટે બે પરિબળો જવાબદાર છે. એક ખેતીમાં રાસાયણિક ખાતરો જંતુનાશકો વગેરે નિક્ષેપો પાછળના ખર્ચમાં જે વધારો થયો છે. તેના પ્રમાણમાં ખેતીની ઉત્પાદકતામાં ઓછો વધારો થયો છે. બીજું મોસમી કારણોને લીધે ખેતીના ઉત્પાદનમાં વર્ષો-વર્ષ મોટી વધ-ઘટ થયા કરે છે. દા.તઃ ગુજરાતમાં ૧૯૯૨-૯૩નાવર્ષમાં અનાજનું ઉત્પાદન લગભગ ૫૩ લાખ ટન થયું હતું અને તરત બીજે વર્ષે તે ઘટીને ૩૬ લાખ ટન થયું હતું.

**ઔદ્યોગિકક્ષેત્રે વિકાસ** : ગુજરાત દેશનું એક ઔદ્યોગિક રીતે વિકસિત રાજ્ય છે. ઉદ્યોગના ક્ષેત્રે ગુજરાતીઓની આ ગતિશીલતા તેઓના "પૂશ ફેક્ટર" ને આભારી છે.

ગુજરાતમાં ખેતીની આવક હમેશા ઓછી અને અસ્થિર રહી છે. એમાંથી જન્મતી લાચારી અને ગરીબીની સાથે સમાધાન કરી લેવા ને બદલે ગુજરાતીઓ સદાયે વિકલ્પોની શોધમાં રહ્યા છે. અને તક મળતા તેમણે ખેતી જેવા પરંપરાગત વ્યવસાયનો ત્યાગ કરીને વધુ કમાણી આપતા નવા વ્યવસાયો અપનાવી લીધા છે. એના એક ભાગ રૂપે તેમણે વિદેશગમન કર્યું છે. અને વેપાર તરફ વળ્યા છે.[3]

ગુજરાતમાં અલગ રાજ્યની રચના થઈ ત્યારે ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ સુતરાઉકાપડની આસપાસ કેન્દ્રિત થયો હતો. ગુજરાતમાં ૧૯મી સદીના મધ્યભાગથી આધુનિક ઉદ્યોગોનો પ્રવેશ થયો હોવા છતાં લગભગ એક સૈકા જેટલા સમયગાળામાં ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્રે મર્યાદિત વિકાસ સધાયો હતો. ઔદ્યોગિક ઉત્પાદનની દ્રષ્ટિએ ૧૯૬૧મા ગુજરાત દેશમાં આઠમા સ્થાને હતું. ૧૯૭૬-૭૭ના વર્ષોમાં તેનું સ્થાન ચોથું હતું. ૧૯૮૫ થી ૧૯૯૫ના દશકામાં ગુજરાતનું ઔદ્યોગિક માળખું રસાયણ ઉદ્યોગોની તરફેણમાં ઢળ્યું. ગુજરાતમાં

૧૯૯૧માં ડૉ.મનમોહન સિંઘે અપનાવેલી નવી આર્થિક નીતિથી ઔદ્યોગિક મૂડીરોકાણોમાં મોટી ભરતી આવી છે. ઉદ્યોગોને ક્ષેત્રે થઈ રહેલા આ ગંજાવર મૂડી રોકાણોને પરિણામે ઔદ્યોગિક વિકાસના વિવિધ નિર્દેશકોને આધારે તપાસતા દેશમાં ગુજરાત બીજા નંબરનું રાજ્ય બની ગયું છે. ૧૯૯૧ થી ૨૦૦૩ ના એક દશકાથી ગુજરાત બીજા નંબરનું રાજ્ય બની ગયું છે. ગુજરાતમાં જે ઔદ્યોગિક વિકાસ સધાયો છે. તેણે પરિણામે ગુજરાતમાં થતા ઉત્પાદન ની દ્રષ્ટિએ આજે ગુજરાત એક ખેતી પ્રધાન રાજ્ય મટીને ઉદ્યોગપ્રધાન રાજ્ય બની ગયું છે.[૪]

માથાદીઠ આવકની દ્રષ્ટિએ તપાસતા ગુજરાત દેશમાં ચોથા ક્રમે આવતું મોટું રાજ્ય છે. ગુજરાતથી આગળ રહેલા રાજ્યો ક્રમાનુસાર આ પ્રમાણે છે. હરિયાણા, મહારાષ્ટ્ર અને પંજાબ.

**ગુજરાતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ :-** વિજ્ઞાનની વ્યવહારુ ઉપયોગીતાને ટેકનોલોજી કહે છે. ગુજરાત આજે કુદરતી સંપતિની દ્રષ્ટિએ સમૃદ્ધ રાજ્ય છે. ગુજરાતના સ્થાપના કાળથીજ ગુજરાતના ટેક્ષટાઇલ, એન્જીનીયરીંગ, રસાયણ, પેટ્રોકેમિકલ, ડ્રગ્સ, ફાર્માસ્યુટીકલ, ડેરી, સિમેન્ટ, સિરામિક, હીરા અને ઝવેરાત ઉદ્યોગોનો વિકાસ પુષ્કળ પ્રમાણમાં થયો છે.

આજે ટેકનોલોજીના વિકાસને પરિણામે રોજીંદા જીવનમાં અનેક ઉપકરણોનો લોકો ઉપયોગ કરે છે. પરંતુ એ ઉપકરણ કઈ રીતે કામ કરે છે. અને એનો વધારે સારી રીતે પ્રજાકીય પુરુષાર્થ, ગુજરાતની પરંપરાઓ અને ગુજરાતીઓની ખાસિયતોએ નિર્ણાયક ભૂમિકા ભજવી છે. ખુલ્લો અને પરિવર્તનશીલ સમાજ ધરાવતું ગુજરાત વૈશ્વિક પરિવર્તનમા વધુ પ્રમાણમાં સામેલ થયું છે.

**માનવ વિકાસ:** મુખ્યત્વે શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રે સધાતા વિકાસને માનવ વિકાસ કહેવામા આવે છે. તેમા વસતિ વિષયક વલણોનો પણ સમાવેશ થાય છે. ઈ.સ. ૧૯૬૧ થી ૨૦૦૧ વચ્ચેના ૪૦ વર્ષના ગાળામા ગુજરાતની વસતિમા ૧૪૦ ટકાનો વધારો થયો છે. જ્યારે ભારતની વસતિમા૧૩૪ ટકાનો વધારો થયો છે. ગુજરાતની વસતિ વૃદ્ધિનો દર ૧૯૯૧ થી ૨૦૦૧ના દાયકામાં ૨.૧ ટકા હતો. તેની સરખામણીમાં કેરલમાં તે ૦.૯૦ ટકા હતો તમિલનાડુમાં ૧.૦૭ ટકા અને આંધ્રપ્રદેશમાં૧.૩૧ ટકા હતો. અન્ય કેટલીક બાબતોમાં પ્રગતિશીલ ગુજરાત વસતિની બાબતમાં આગવી પ્રગતિશીલતા દાખવી શક્યું નથી. ઉલટુ જીવદયા અને અહિંસાની લાંબી પરંપરા ધરાવતું ગુજરાત સ્ત્રી ભ્રુણ હત્યાની બાબતમા પંજાબ, હરિયાણા અને દિલ્હી જેવા ઉત્તરના રાજ્યોની હરોળમા આવી ગયું છે. બાળ મૃત્યુ દરની દ્રષ્ટિએ જોઈએ તો ૧૯૮૬માં ગુજરાતમા બાળ મૃત્યુદર ૧૦૭નો હતો જે ૨૦૦૧માં ઘટીને ૬૦નો થયો

છે. લોકોના સરેરાશ આયુષ્યની દ્રષ્ટિએ જોઈએ તો ગુજરાતમાં ૧૯૫૦માં લોકોનુ સરેરાશ આયુષ્ય ૪૦ વર્ષનું હતું જે ૨૦૧૦માં ૭૧નું થયું છે. ગુજરાતમાં ૧૯૫૧માં સાક્ષરતાનું કુલ પ્રમાણ ફકત ૨૩ ટકા હતું જે ૨૦૦૧માં વધીને સાક્ષરતાનું કુલ પ્રમાણ ૬૯.૬ ટકા થઈ ગયું છે.[૫]

**ખેતીનાક્ષેત્રે વિકાસ:** દેશના અન્ય રાજ્યોની જેમ "ઔદ્યોગિક" ગણાતું ગુજરાત પણ ખેતી પ્રધાન જ છે. ઈ.સ.૧૯૭૧ માં ગુજરાતના ૬૫ ટકા જેટલા શ્રમિકો ખેતીમાં રોકાયેલા હતાં. જ્યારે ૨૦૦૪-૨૦૦૫ ના વર્ષમાં ગુજરાતમાં લગભગ ૫૦ ટકા શ્રમિકો ખેતીમાં રોકાયેલા હતાં, ખેતીની દ્રષ્ટિ એ ગુજરાતનો સમાવેશ દેશના મધ્ય ઝોનમાં થાય છે. જેમાં ગુજરાતની સાથે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનનો સમાવેશ થાય છે. આ બધા રાજ્યોમાં ઓછો અને અનિયમિત વરસાદ પડે છે. વિજ્ઞાનનો કઈ રીતે ઉપયોગ કરી શકાય એની જાણકારી દરેક પાસે નથી સામાન્ય લોકોની વિજ્ઞાન પ્રત્યે રૂચી કેળવાય એપણ જરૂરી હોવાથી જીલ્લા વિજ્ઞાન કેન્દ્રો કાર્યાન્વિત થયા છે. અમદાવાદ-ગાંધીનગર વચ્ચે સાયન્સ સીટીનું નિર્માણ થઈ ચુક્યું છે. શિક્ષણ, સ્વાસ્થ્ય, વાહનવ્યવહાર અને રહેઠાણ ના પ્રશ્નો વિજ્ઞાનના સહારે સરળ બનાવી શકાય છે.

ગુજરાતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ થયો છે. સામાન્ય માનવી પણ આઈપોડ, પેજર જેવા સંદેશા વ્યવહારના સાધનોનો ઉપયોગ કરવા લાગ્યો છે. સંશોધન ક્ષેત્રે બાયોટેકનોલોજી, નેનો ટેકનોલોજી, બાયો ઇન્ફોર્મેટિકસ એવા અનેક વિષયોના ક્ષેત્રોમાં કામગીરી થઈ રહી છે.[૬]

## સંદર્ભ :

(૧) 'ગુજરાતનું રાજકારણ' – ડો. એમ.જે.બક્ષી , પેજ નં- ૮૯,૯૦.

(૨) ઇન્ટ્રોડકશન ટુ પોલીટીકલ સાયન્સ (૧૯૦૧) પૃષ્ઠ ૩૦-૩૧.

(૩) 'ગુજરાતનું રાજકારણ' – ડો. મનોહર બક્ષી , પેજ નં- ૨૪ થી૨૬.

(૪) જ્ઞાન ગંગોત્રી ગ્રંથશ્રેણી વિશ્વ દર્શન-૧ (ક્રાંતિ) સરદાર પટેલ યુનીવર્સીટી પેજ નં ૧૩-૧૪.

(૫) આધુનિક રાજ્યશાસ્ત્ર : પરિભાષા અને વિશ્લેષણ યુનીવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ – શેઠ પ્રવીણ ન. પેજ નં- ૨ થી ૫.

(૬) 'ગુજરાતનું રાજકારણ' – ડો. મનોહર બક્ષી , પેજ નં- ૧૬.